## દાનવીર નવરત્ન શ્રેષ્ઠી વર્ય

# સ્વ. જમનાભાઈ ભગુભાઈની જીવન ઝરમર


## બંગલામાં આવેલ શ્રી શેત્રુંજય તીર્થની
## પ્રતિકૃતિની હિરક જયંતી

### નીમિત્તે

## બકુભાઈ ભગુભાઈ સપરિવાર તરફથી

### સપ્રેમ ભેટ

Scanned by CamScanner



શેઠ જમનાભાઈ ના મૃત્યુ બાદ ૨ વર્ષ પછી શેઠાણી માણેકબેનની ઈચ્છાથી એક ઉજમણું એમના બંગલે કરવામાં આવ્યુ.

તા.૧૨-૫-૧૯૨૭ ના રોજ ઉજમણા વખતે પાલીતાણાની આ પ્રતિકૃતિ તૈયાર થઈ હતી.

Scanned by CamScanner



## સ્વ. શેઠ જમનાભાઈ ભગુભાઈ

જન્મ : પોષ સુદ ૨, સંવત ૧૯૧૫, તા. ૬-૧-૧૮૬૯

સ્વર્ગવાસ : અષાઢ સુદ ૧, સંવત ૧૯૮૧, તા. ૨૨-૬-૧૯૨૫

Scanned by CamScanner



# શેઠાણી માણેકબેન જમનાભાઈ

જન્મ : ભાદરવા વદ ૮, સંવત ૧૯૩૮, તા. ૪-૧૦-૧૮૮૨

સ્વર્ગવાસ : માગસર વદ ૪, સંવત ૨૦૦૮, તા. ૫-૧૨-૧૯૫૨

Scanned by CamScanner




આ બંગલો ૧૯૧૮ની સાલમાં તૈયાર થયો.

Scanned by CamScanner

## સ્વ. શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈ

શેઠ શ્રી જમનાભાઈ નો જન્મ વિ. સંવત ૧૯૧૫ ના પોષ સુદ બીજે થયો હતો. તેમણે અમદાવાદની પ્રાથમિક શાળામાં શિક્ષણ પ્રાપ્ત કર્યું. તેમણે શાળા છોડયા બાદ ઘરે અભ્યાસ કર્યો હતો. શેઠ જમનાભાઈના પિતાશ્રી શેઠ ભગુભાઈ પ્રેમચંદ અને માતૃશ્રી પ્રધાનબા બન્ને ખૂબ ધાર્મિક હતા. તેમના દ્વારા સંસ્કાર સીંચન થવાથી તીર્થંકરો ના ઉદ્દેશ મુજબ બાળપણથી જ તેમને વિધિપૂર્વક વહેલી સવારે જીનેશ્વરોની પ્રતિમાની નવાંગી પૂજા અને રોજ ઓછામાં ઓછું એક સામાયિક કરવાની તથા તીર્થંકરોના પવિત્ર તહેવારોના દિવસે તપની પ્રતિજ્ઞા લેવાની તથા માનવો તથા પ્રાણીઓના દુઃખો ને દુર કરવાની તેમજ પરોપકારી કાર્યો કરવાની ટેવ પડી હતી.

એમના મોટા ભાઈ શેઠ મનસુખભાઈની જેમ તેમને પણ ઘોડા તથા સુંદર ઘોડાગાડીનો ખૂબ શોખ હતો. તેમના ઘોડા મજબૂત અને આકર્ષક હતા. તેમને મધ્યમ સરનું કામ કરવાનું હતું. અને ખૂબ પૌષ્ટિક ખાવા મળતું. શેઠ જમનાભાઈ ખાસ કાળજી રાખતા કે ઘોડાઓની સારી સંભાળ રાખવામાં આવે અને તેમને ખાણ નીરવામાં આવે ત્યારે તેઓ ઘણીવાર હાજર રહેતા. શેઠ જમનાભાઈને ઘોડેસવારી અને જાતે બગી હાંકવાનો શોખ હતો. ઘણીવાર તે ખૂલ્લી બગીને બે સુંદર ઘોડા જોડી હંકારતા. એ બહુ સરસ વેગીલા હંકારનાર હતા. દિવસના જુદા જુદા સમયો માટે તેમની પાસે અલગ અલગ ઘોડાઓની જોડીઓ રહેતી. એક વખત ઘોડાઓની જે જોડ ઉપયોગમાં લીધી તેની તેજ જોડ તેજ દિવસે બીજીવાર ઉપયોગમાં લેવામાં આવતી નહીં. જીવનના પાછલા વર્ષમાં જાતે હંકારવાનું તેમણે છોડી દીધેલું. મીલ તરીકે જાણીતી થયેલી ગુજરાત જીનીંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ મીલ લિ. બાંધવામાં આવી અને ચાર વર્ષ પછી ચાલુ થઈ ત્યારે જુની મીલનો હવાલો શેઠ જમનાભાઈને સુપ્રત કરવામાં આવ્યો. આ મીલમાં તૈયાર થયેલ કાપડ ભારતના વિવિધ પ્રાંતોમાં અને આફ્રિકામાં ખુબ વેચાયું અને વખણાયું તેથી મીલ ખૂબ જાણીતી બની.

Scanned by CamScanner

શેઠ જમનાભાઈ રોજ સવારે અને સાંજે મીલમાં હાજર રહેતા શેઠ જમનાભાઈની મીલ ખૂબ ભાગ્યશાળી ગણાતી અને તે અસામાન્ય રીતે ગંભીર આગ કરૂણ અકસ્માતોથી મુકત રહેતી. પાછળથી શેઠ જમનાભાઈએ પોતાના ભાગમાં પુરૂષોતમ સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ મીલનો ઉમેરો કર્યો. શેઠશ્રી મનુસખભાઈના મૃત્યુબાદ તેલીયા મીલ તરીકે જાણીતી મોતીલાલ હરીલાલ મીલ્સનો વહીવટ શેઠ જમનાભાઈના હાથમાં સોંપવામાં આવ્યો. સામાન્ય રીતે એવુ બને છે કે ધનની પ્રાપ્તિ થાય વૈભવશાળી અને સતત વૃદ્ધિ પામતી સમૃદ્ધ સ્થિતિની સાથે વધુ ને વધુ ભોગ વિલાસો ભોગવવાની અનેક ખરાબ ટેવો પડી જતી હોય છે અને પરભવ સુધારવા ધાર્મિક જીવન જીવવાનો માર્ગ તથા મોક્ષ માર્ગને લગતા વિચારો ઓછાને ઓછા થતાં જાય છે. પણ જમનાભાઈની બાબતમાં વાત સાવ જુદી હતી.

ખૂબ જ કાળજીભર્યો ઉછેર કરનાર અતિશય ધાર્મિક, ધનિક કુટુંબમાં જનમ્યા હોવાથી શેઠ જમનાભાઈ ઘણાં વિનયશીલ, ભગવાનનો ડર રાખનાર અને પરોપકારી હતા. તેમના નિર્દોષ મુખ ઉપર કદી ગુસ્સો કે બીજા ખરાબ ભાવ જોવા મળતા ન હતા. શેઠ જમનાભાઈ રોજ પ્રતિક્રમણ વિધિ કરતા અને સૂર્ય ઉગ્યા પછી ઓછામાં ઓછા ૪૮ મિનિટ પછી પાણી કે બીજો ખાદ્ય પદાર્થ લેવાનો નવકારશી વ્રત કે સૂર્ય ઉગ્યા પછી ઓછામાં ઓછા ત્રણ કલાક બાદ આવી વસ્તુઓ ગ્રહણ કરવાનું પોરસી વ્રત કરવાની ટેવ હતી. તે દરરોજ જિનેશ્વરોની પ્રતિમાઓની પૂજા કર્યા બાદ ખોરાક કે પાણી લેતાં. બીજી બાબતોમાં વ્યસ્ત હોય તો તે રોજની પૂજા કદી ઝડપથી પતાવતા ન હતા અને કાયમ ધીરજપૂર્વક અને મનની ક્ષમતાપૂર્વક પૂજા કરતા. મૂર્તિઓને પ્રક્ષાલ કરી સ્વચ્છ કપડાથી લુંછવાનું કામ પણ તે કદી પૂજારીને સોંપતા નહીં અને બધુ જાતે જ કરતાં.

દેરાસરમાં સ્નાત્રપૂજા કરવાની એમની રોજની ટેવ હતી. સ્નાત્રપૂજામાં રોજ રોજ તે તીર્થંકરની મૂર્તિ નીચે એક રૂપિયો તેમજ સીદ્ધચક્રની નીચે પાવલી મૂકતા. પૂજા પૂરી થાય ત્યારે તે રકમ

Scanned by CamScanner

મંદિરના ભંડારમાં મૂકી દેતા. ફળ પૂજા વખતે બે નાળીયેર અને ઉત્તમ મીઠાઈઓ ચોખાના બે સ્વસ્તિક ઉપર મૂકીને ધરાવતા. છેલ્લા ચાલીસ વર્ષ દરમ્યાન રસોડામાં બનતી બધી ખાદ્ય સામગ્રી રોજ રોજ તીર્થંકરની મૂર્તિ સમક્ષ ધરવામાં આવતી. બે કે ત્રણ માણસોને પૂર્તિ થઈ પડે તેવી ભોજનથાળી એ રોજરોજ માળીને આપવામાં આવતી.

જ્યારે પણ શેઠ જમનાભાઈ માંદગીને લીધે પણ પ્રતિક્રમણ કે સામાયિક ન કરી શકતા ત્યારે તે રોજેરોજ દેરાસરના ભંડારમાં પૈસા મૂકાવતા. એમના ઘર દેરાસરની સાતસો થી આઠસો રૂપિયા જેટલી આવક દર વર્ષે હરિપુરના દેરાસરના નિભાવ અર્થે મોકલી આપતા.

શેઠ જમનાભાઈ પર્યૂષણ પર્વ દરમિયાન ચાર જુદા જુદા ઉપવાસ કરતા. આ ઉપરાંત તે જ્ઞાનપંચમી, મૌન એકાદશી, કારતક સુદ ચૌદસ, ફાગણ સુદ ચૌદસ, ચૈત્ર સુદ ચૌદસ અને પૂનમ, અષાઢ સુદ ચૌદસના દિવસે પણ ઉપવાસ કરતા. સૂર્યાસ્ત પછી તે ભોજન  કરતા નહી અને પીવા માટે તે ઉકાળેલુ પાણી વાપરતા વર્ષના ચાર મહીના લીલાં શાકભાજી ખાવાનું તેમણે બંધ કરેલું.  અને એ દિવસોમાં તે કેળાં કે કેરી પણ ન લેતાં.

શેઠ જમનાભાઈનાં બંગલાની આસપાસ મોટો બગીચો હતો, જેમાં ગુલાબના છોડ અને પૂજા માટે જૈન દેરાસરોમાં કામ લાગે તેવા બીજા છોડ ભરપૂર પ્રમાણમાં ઉગાડવામાં આવતા હતા. આ બધાં ફૂલ રોજે રોજ શહેરમાંના બીજાં અનેક દેરાસરો અને કલોલ તથા ભોંયણીનાં દેરાસરોમાં મોકલવામાં આવતાં. રોજ ઉતરતાં બે હજાર ફુલોમાંથી છસો ફૂલ એમના માળી મારફત કલોલના દેરાસરને, ચારસો ફૂલ ભોંયણીના દેરાસરને અને બાકીનાં એક હજાર ફુલ શહેરમાંના બીજા દેરાસરોને મોકલાવતા. ફુલોનો ઉતાર ઓછો કે વધતો થાય ત્યારે જે તે દેરાસરના ખાતે જે તે ફુલોનું પ્રમાણ વધારે કે ઓછું કરવામાં આવતું.

શેઠ જમનાભાઈનાં બંગલે પાંત્રીસ નોકરો હતા જે જરા ઈશારો કરતાંજ ગમે તે સેવા બજાવવા સમર્થ હતાં. પણ જ્યારે રોજ કોઈ શેઠ

Scanned by CamScanner

જમનાભાઈને સફેદ ઘોડા જોડેલી બ્રાઉન બગીમાંથી દિલ્હી દરવાજા બહાર આવેલી શેઠ હઠીસીંગ કેસરીસિંગની બહારની વાડીએ કે રીચી રોડ પર આવેલા મહાવીર સ્વામીના દેરાસર પાસે (જ્યાં રોજ દર્શને જવાની તેમને ટેવ હતી ત્યાં) નીચે ઉતરતા અને ચોખ્ખા કપડામાં ફૂલો ભરી તે પોતે દેરાસરમાં લઈ જતા ત્યારે કોઈને પણ એમની જિનેશ્વર ભગવાન પ્રત્યેની સાચી ભક્તિની જાણ થયા વગર રહેતી નહીં.

શેઠ જમનાભાઈને જુદા જુદા આચાર્યોએ રચેલી વિવધ પૂજાઓ સાંભળવાનો ખૂબ શોખ હતો. તે અતિશય ધાર્મિક શેઠ જોઈતારામની ટોળીનાં જોઈતારામે સ્થાપેલ મંડળના સભ્ય હતા, જેમાં જુદા જુદા આચાર્યોએ રચેલ પૂજાઓ, કાંસી જોડા અને સંગીતનાં વાદ્ય સાથે ગાવાનું બીજાઓને શીખવવામાં આવતું. આ ટોળીના સભ્યોને જ્યારે જ્યારે વિનંતી કરવામાં આવે ત્યારે ત્યારે સ્વૈચ્છિક રીતે જૂથમાં નગરનાં જુદા જુદા ભાગોમાં પૂજા ભણાવવા જતા. ટોળીના સભ્ય હોવાથી શેઠ જમનાભાઈને પૂજાના સાચા સ્વરોની પરખ હતી અને ઘણીવાર સંગીતવાદ્યોની સાથે તે એમનું સાચી રીતે ગાન કરતા. જીવનના પાછલા વર્ષોમાં પણ શેઠ જમનાભાઈ આવી પૂજાઓમાં જવાની તક ચૂકતા નહીં. ભલે પછી બીજી બાબતોમાં વ્યસ્ત હોય.

શેઠ જમનાભાઈ સાધુ સાધ્વીઓને દવાની તથા માંદગીમાં જરૂરી વસ્તુઓની આપવાની ખૂબ સેવા કરતા. દર વર્ષે શેઠ જમનાભાઈ શહેરના સાધુ સાધ્વીઓને લગભગ ત્રણ થી પાંચ હજાર રૂપિયાની કિંમત જેટલા વસ્ત્રો, પાત્રા (વાસણો) અને બીજી ચીજો આપતા.

શેઠ જમનાભાઈને એમના બાપદાદાના ૪ ગુરુ પંન્યાસ દયાવિમલજી અને એમના શિષ્યો, પંન્યાસ સૌભાગ્ય વિમલજી, મુનિ મહારાજ મુક્તિવિમલજી માટે ઊંડા માનની લાગણી હતી. તેમની માંદગી વખતે શેઠ જમનાભાઈએ ઉત્કૃષ્ટ વૈદકીય મદદ કરી, દરેક વખતે સેંકડો ખર્ચેલા. એમના કાળધર્મ પછી પણ પૂજા અને મહોત્સવોમાં તેમણે હજારો રૂપિયા ખર્ચ કર્યા.

શેઠ જમનાભાઈએ જૈન શાસ્ત્ર ગ્રંથો લખાવવા અને છપાવવા માટે હજારો રૂપિયા ખર્ચ્યાં હતા.

Scanned by CamScanner

પોતાની નવરાશના સમયે શેઠ જમનાભાઈ ઘણીવાર ખાનગી રીતે એવા લોકોને આર્થિક મદદ કરતા જેઓ પહેલાં સમૃદ્ધ દશામાં હતા, પણ પાછળથી ગરીબાઈમાં સરી પડયા હતા. એજ રીતે દુઃખી, કંગાળ અને જરૂરિયાતવાળા માણસોને મદદ કરતા, લાયક માણસોની વિનંતીઓ પ્રત્યે ખૂબ દયાભાવથી જોતા અને તેમનો અવશ્ય આદર કરતા.

શેઠ જમનાભાઈના ચારિત્ર્યનું ઉચ્ચત્તમ લક્ષણ એ હતું કે કોઈને નાખુશ કરવાનું તેમને ન ગમતું. એમની પાસે મદદ માટે જનાર ચોક્કસ તે મેળવતો જ એ કોઈને નિરાશ ન કરતા. એમનું ઘર નિરાશ પામવાનું સ્થળ ન હતું. એ તો આશા, આશ્વાસન અને દયાનું રહેઠાણ હતું. સાધર્મિકોની બાબતમાં એમની મદદ એટલી છૂપી રીતે પહોંચતી કે એમના અંગત વિશ્વાસુ માણસો સિવાય બીજા કોઈને એની જાણ ન થતી.

શેઠ જમનાભાઈ એમના જીવનનાં પાછલાં વર્ષોમાં તેઓ પોતાના મિત્રો તથા ઓળખીતાઓને ત્યાં લગ્નપ્રસંગો, જમણવારોમાં પોતાની વૃધાઅવસ્થાને કારણે જઈ શકતા ન હતા. પણ તેમના મરણ પ્રસંગે અગ્નિદાહ કે એવા પ્રસંગે તે અચૂક હાજર રહેતા. જલયાત્રા, શાન્તિસ્નાત્ર, કલ્યાણકો (તીર્થંકરોના પવિત્ર દિવસો) ના પ્રસંગે તે અચૂક હાજરી આપતા, ભલે પછી થોડી અગવડ પડે.

સામાન્ય રીતે એવું બને છે કે દિવાળીની રજાઓમાં, લોકો/ઘેર આવે અને કુટુંબના સભ્યો સાથે દુન્વયી ભોગોની મોજમજા કરે. પણ હકીકતમાં દીવાળીનો દિવસ તો તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો નિર્વાણ દિન અને ગણધર મહારાજ ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનનો દિવસ છે. તેથી તથા કથિત દુન્વયી ભોગો, પાપી વાતચિત અને ક્રૂર કર્મોમાં સયમ બગાડવા કરતાં મોક્ષના કાયમી સુખની વીછના રાખનારા મનુષ્યોએ એવા પવિત્ર દિવસોએ આત્માની ઉન્નતિ માટે ધ્યાનમાં ગાળવા જોઈએ. પોતાના જીવનના છેલ્લા પાંત્રીસ વર્ષો દરમિયાન શેઠ જમનાભાઈ દિવાળીનો દિવસ જીનેશ્વરોની પૂજા, પ્રતિક્રમણ અને ધ્યાનમાં કોઈપણ પવિત્ર સ્થળે પસાર કરતા. આ રીતે શેઠ જમનાભાઈએ ભદ્રેશ્વર, કુલપાકજી, ભાંડુક, ગિરનાર, તારંગાજી,

Scanned by CamScanner

આબુ, કુંભારિયાજી, સમેતશિખર, ફલોદિ, રાણકપુર, કેસરિયાજી, ઈડર, ઝઘડિયા, શેરિસા, પાનસર, ભોંયણી, શંખેશ્વરજી કારખાના અને બીજાં ઘણાં પૂજાનાં સ્થાનોની જાત્રા કરી હતી. લગભગ દર વર્ષે તે જાત્રાએ જતા ત્યારે પોતાના મિત્રો, સગાસંબધીઓ અને ઓળખીતાઓને સાથે આવવા નિમંત્રતા. ત્યાં શેઠ જમનાભાઈ વિવિધ સંસ્થાઓની અર્થિક સ્થિતિ અંગે પૂછપરછ કરતા અને ખૂબ સારી રીતે અચૂક મદદ કરતા.

વિક્રમ સંવત ૧૯૩૮થી તીર્થંકર મલ્લિનાથ ભગવાનનું ભોંયણી તીર્થ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી સતત દર વર્ષે શેઠ જમનાભાઈ મહાસુદ દશમના રોજ એ દેરાસરમાં જીનેશ્વર ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠાના દિવસે નવકારશી (બધા જૈનોને ભોજન) કરાવતા. ભોંયણી અને શંખેશ્વર કારખાના (ધાર્મિકપેઢી)ના વહીવટ શેઠ જમનાભાઈના હસ્તક છે.

ભોંયણી તીર્થની સ્થાપના પૂર્વે ગુજરાતમાં ખેડા પાસેનું માતર એ સાચા દેવની યાત્રાનું મોટુ મુખ્ય સ્થાન ગણાતું. શેઠ જમનાભાઈએ એ દેરાસરના જીર્ણોદ્ધાર માટે ખૂબ મોટી રકમ ખર્ચી હતી.

કલોલમાં કોઈ શીખરબંધી જૈન દેરાસર ન હતું. જે જૈન સંઘની વિનંતીથી શેઠ જમનાભાઈએ ત્યાં એક સુંદર શીખરબંધી જૈન દેરાસર બંધાવ્યું. એ દેરાસર, એના આજુબાજુના રહેઠાણો અને મંદિરમાં તીર્થંકરોની મૂર્તિઓની પ્રતિષ્ઠા માટે તેમણે એક થી બે લાખ રૂપિયા ખર્ચ કર્યા હતા. એ દેરાસરની પ્રતિષ્ઠા શાસનસમ્રાટ આચાર્ય મહારાજ વિજય નેમિસૂરીશ્વરજીએ કરી હતી. એ પ્રસંગે સર ચિનુભાઈ માધવલાલ બેરોનેટ સહિત અમદાવાદના બધાજ સુપ્રતિષ્ઠિત સજ્જનો હાજર રહ્યા હતા.

શેઠ જમનાભાઈ એ કુંભારીયાજીમાં એક વિશાળ ધર્મશાળા બંધાવી હતી. એમના મૃત્યુના બે વર્ષો પૂર્વે શેઠ જમનાભાઈએ શેઠ ભગુભાઈના વંડામાં ધર્મશાળા બંધાવી જેમાં એક દેરાસર છે અને યાત્રાળુઓના ઉપયોગ માટે પિત્તળના વાસણો તથા ગાદલાં-ગોદડાં રાખવામાં આવ્યા છે. શાસન સમ્રાટ આચાર્ય મહારાજ વિજય નેમિસુરીશ્વરજીએ એ દેરાસરની પ્રતિષ્ઠા કરી હતી.

Scanned by CamScanner

શેઠ જમનાભાઈ એક ચેરિટેબલ ડીસ્પેન્સરી નામે શેઠ જમનાભાઈ હોમિયોપેથિક ડીસ્પેન્સરીને સને ૧૯૦૪માં શરૂ કરી. અને તે નીભાવતા આવ્યા છે.ત્યાં દરરોજ ૭૦૦ થી ૮૦૦ દર્દીઓ આવે છે અને વાર્ષિક ખર્ચ ૭૦૦૦ થી ૮૦૦૦ રૂપિયાનો થાય છે.

માનવોનાં દુઃખ દર્દોને મટાડવા માટેની સવલતો ઉભી કરવા માટે શેઠ જમનાભાઈએ મુંગા પશુઓ જેવા કે ગાય, ભેંસ, આખલાં, ઘેટાં, બકરા અને બીજા મુક પશુઓના દુઃખ દર્દ મટાડવાનું ભૂલ્યા ન હતા. તેમના માટે સાંચરડામાં પાંજરાપોળો સ્થાપી તેમનાં ઘાસચારા માટે હજારો રૂપિયા ખર્ચ્યા. હજારો રૂપિયાની અનેક વાર મદદ સ્થાનિક ખોડાં ઢોર પાંજરાપોળને કરી.

વિક્રમ સંવત ૧૯૫૬ના દુષ્કાળ વખતે શેઠ જમનાભાઈએ ખૂબ ઉદાર હાથે દાન વહેવડાવ્યું. એ ઉપરાંત કાંકરિયા તળાવ પાસે તેમજ જમાલપુર દરવાજા બહાર ઢોર વાડો ખોલ્યો. જેમાં એક હજાર પશુઓને રાખવાની વ્યવસ્થા હતી. સમયસરની આ સહાયથી તે હજારો પશુઓ મોતના મુખમાં ઠેલાતા બચી ગયાં. જે પણ પાંજરાપોળમાં ઘાસચારાની તંગી ઉભી થાય તેને શેઠ જમનાભાઈ મદદ કરતાં.

અમદાવાદ ઉપર એક પાપનું કલંક હતું. ભદ્રકાળી દેવીનું મંદિર ભદ્રના કિલ્લાના દરવાજા પાસે સ્થપાયું. ત્યારથી દર વર્ષે દુર્ગાષ્ટમીના દિવસે યજ્ઞના બલી તરીકે એક બકરો વધેરવામાં આવતો. કેટલાક લોકોને આ પશુ હિંસા અટકાવવાનો વિચાર આવ્યો. કેટલાકે આ પશુઓની જીદંગી બચાવવા કમર કસી. જ્યાં એક બોકડાનો વધ થતો હતો ત્યાંથી થોડા અંતરે તેઓ શાંત બેસી રહ્યા હતા. બોકડાનો વધ કરવાનો સમય આવી પહોંચ્યો કે તરતજ એમાંનો એ ખૂબ ચપળ સાહસિક જણ ટોળામાંથી બહાર કુદી પડયો અને ૪ થી ૫ હજાર બ્રાહ્મણેતરોના ટોળામાંથી તે બોકડા સાથે નાસી છુટયો અને પીછો કરવાની કોઈની હિંમત ન ચાલી. મોટો કોલાહોલ મચી ગયો. અને નગરની શાંતિ જોખમમાં આવી પડી. પછી પૂજારી જિલ્લા કલેકટર મિ. હાર્ટ શોર્નની પાસે પહોંચી ગયો. કલેકટરના સૂચનથી શેઠ

Scanned by CamScanner

જમનાભાઈ ભગુભાઈએ, શેઠ મંગલદાસ અને સારાભાઈ ડાહ્યાભાઈને પોતાના બંગલે તેડાવ્યા. એ મંદિરમાં કોઈ પશુઓનો વધ ન કરવાના કરાર ઉપર સમાધાન થયું અને પૂજારીના નામે રૂપિયા દસ હજારની થાપણ મૂકી. એમાંની અડધી રકમ શેઠ જમનાભાઈએ આપી અને બાકીની અડધી શેઠ મંગલદાસે આપી. આ બંને સુપ્રસિદ્ધ શેઠિયાઓએ આ રીતે ૫૦૦ વર્ષથી ચાલી આવેલી દર વર્ષે કરવામાં આવતા નિદોષ પશુવધના રિવાજ ને કાયમ માટે બંધ કરવામા મુખ્યપણે નિમિત રૂપ બન્યા.

પોતાના જીવનમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન શેઠ જમનાભાઈને થોડુંક લોહીનું દબાણ વધવા માંડયુ હતું. પણ નિયમિત ટેવો અને કાળજીપૂર્વકના ખોરાકને લીધે કોઈ ગંભીર માંદગી ન આવી.

પોતાના જીવનમાં છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન શેઠ જમનાભાઈ દર વર્ષે સુરતથી આઠ માઈલ દુર આવેલા ડુમ્મસમાં જતા અને ઉનાળામાં ત્રણ મહિના ત્યાં વિતાવતા. ચોમાસુ શરૂ થતાં તે અમદાવાદ આવી જતા.

વિક્રમ સંવત ૧૯૮૧ના ઉનાળામાં શેઠ જમનાભાઈ દર વર્ષની જેમ ડુમ્મસ જવા નીકળ્યા હતા. જેઠ વદ ચૌદસના દિવસે એમને ડુમ્મસમાં પંડિત શ્રી વિરવિજયની અંતરાયકર્મની પૂજા ભણાવી હતી. જેમાં સુરતના ગવૈયા અને વાજીંત્ર વાદકો જોડાયા હતા. અને પૂજાઓ ભણાવતા તે જોતાં દેરાસરમાં બે કલાક રહ્યા. બીજે દિવસે જેઠ વદી અમાસના દિવસે તેમણે ઉત્તમ ફુલો, મીઠાઈઓ વગેરે મોટા પ્રમાણમાં અષાઢ સુદ એકમની પૂજા માટે લાવવા ઓર્ડર આપી દીધો અને સુરતમાં અનેક લોકોને તે દિવસે પૂજા વખતે હાજર રહેવા વિનંતી કરી.

સાંજના સમયે ધાંગધ્રાના મહારાજા સાહેબ જે ડુમ્મસમાં રહેતા હતા. અને ધાંગધ્રા જતા રહેતા હતા, તેમણે શેઠ જમનાભાઈના બંગલાની મુલાકાત લીધી. શેઠ જમનાભાઈએ એમનું મીઠાઈ, પાનસોપારી, હાર વગેરેથી સ્વાગત કર્યું અને ઓશરીમાં ચોકના પગથિયાં સુધી ચાલતા તેમને વળાવવા ગયા ત્યાં રાજાસાહેબની મોટર ગાડી તેમની રાહ જોતી હતી અને તેમને શુભ સફર કહી વિદાય આપી.

Scanned by CamScanner

આ ઋતુ દરમિયાન એમના ફેમિલી ડો. ત્રિકમભાઈ કાયમ તેમની સાથે રહેતા. સાંજે શેઠ જમનાભાઈને બહાર ફરવા જવાનું મન ન થયુ પણ તે ઓશરીમાં આરામ ખુરશીમાં આરામ થી બેસી કાયમ સાથે રહેતા કુટુંબીજનો સાથે આનંદપૂર્વક વાતચીત કરતા રહ્યા.

આશરે દસ વાગ્યે ઉંઘ આવવા જેવું થવાથી શેઠ સાહેબ બાજુનાં હોલમાં સૂઈ ગયાં. કુટુંબના બીજા સભ્યો જેવા કે, શેઠાણી માણેકબેન, બબાભાઈ, ડો ત્રિકમભાઈ, વિમળશા, કીકાભાઈ, ચીમનલાલભાઈ વગેરે ગપ્પા મારવા ચોકમાં બેઠા હતાં. આશરે એક વાગ્યાના સુમારે આ બધા વિખરાઈને પોત પોતાના અલગ સ્થાનોમાં સૂવા જતા રહ્યા. થોડીક મિનિટ બાદ શેઠ જમનાભાઈ કાયમ પડખે સૂતા તેમને શરીરમાં એક જબ્બર ઝાટકો લાગ્યો અને તરતજ ચત્તા પડી ગયા અને આંખો જાગતી હોય તેમ ખુલી ગઈ. તેમના શરીરને હળવેથી માલિસ કરી રહેલ તેમના નોકરને (ખતરાની બીક લાગી) બાજુના ઓરડામાંથી તરતજ શેઠાણી સાહેબાને બોલાવી લીધાં. તેમને એમની સાથે વાત કરવા પ્રયત્ન કરી જોયો, પણ એમની મહેનત નકામી ઠરી. એમણે એકદમ ઉપરના મજલે ગયેલ ડો. ત્રિકમભાઈને બુમ પાડી. તે ઝડપથી દાદરો ઉતરી દોડતા નીચે આવ્યાં અને તેમણે જણાવ્યુ કે ધોરી નસમાં કોઈ ધબકારા ન હતાં અને હૃદય ચાલતું બંધ પડી ગયું હતું. તે ગુજરી ગયાં હતાં.

તેમના મરણના સમાચાર સુરતથી ટેલિફોન પર જણાવવામાં આવ્યાં. તેમના મોટા ભાગના સગા મિત્રો, ઓળખીતાઓ શેઠ માણેકભાઈ, શેઠ ગીરધરલાલ, શેઠ સારાભાઈ હઠીસીંગ, માર્સડન બ્રધર્સ વગેરે સહિત સવારની ગાડીમાં ડુમ્મસ આવ્યા. તેમના મોટા ભાગના મિત્રો અને ઓળખીતાઓ સુરતથી આવ્યા. એમનો અગ્નિસંસ્કાર દરિયાકાંઠે ખુલ્લામાં થયો હતો. જે સ્થળે એમનાં સ્નેહી, સ્વજનો, મિત્રો તેમજ શુભેચ્છકો વિશાળ સંખ્યામાં હાજર હતા. આશરે હજારેક જણ એમને આખરી વિદાય આપવા અશ્રુભીંની આંખે હાજર હતા.

માનવી ઈચ્છે છે શું ? ઈશ્વર કરે છે શું ? બીજી ઘડીએ શું થશે તે કોણ જાણે છે જેમને આજીવન પરોપકાર કર્યો હોય તેવા પુરૂષોને

Scanned by CamScanner

મરણની બીક હોતી નથી. (દુણી અને દુષ્ટ લોકોને તેની બીક લાગે છે.) તેથી દરેકે શેઠ જમનાભાઈનો ઉત્કૃષ્ઠ દાખલો અનુસરવો જોઈએ પોતાની શકિત અનુસાર પરોપકારના કાર્યો કરવા જોઈએ.

શેઠ જમનાભાઈના મૃત્યુ પછી એમના વિધવા શેઠાણી માણેકબેને બધોજ વહીવટ પોતાના હસ્તક લઈ લીધો અને સમર્થ રૂપે બધા વ્યવહારોની વ્યવસ્થા કરી.

ભોંયણી અને શંખેશ્વરના કારખાનામાં જે વહીવટ જમનાભાઈના હસ્તક હતો તે હજુ સુધી તે શેઠાણીના હસ્તક છે. તેમની નક્કર સહાયને લીધે તે સંસ્થાને ખૂબ ફાયદો થયો છે.

શેઠ જમનાભાઈ અમદાવાદ ખોડા ઢોર પાંજરાપોળના સક્રિય અને ખૂબ ઉદાર સભ્ય હતા. એમના મૃત્યુ બાદ, શેઠાણી માણેકબેને પણ ઉંડો રસ લઈને પાંજરાપોળનું હિત ધ્યાનમાં રાખે છે. પાંજરાપોળ કમિટિની મોટાભાગની બેઠકો બંગલે ભરાય છે. અને તેઓ આ સંસ્થાને ખૂબ સુંદર રીતે મદદ કરે છે.

શેઠ જમનાભાઈ મરણપથારીએ હતા ત્યારે શેઠાણી માણેકબેને જાહેર કર્યું કે તેમની પાછળ એક લાખ રૂપિયા દાનમાં આપવામાં આવશે. આ રકમ છ મહીનામાં આપી દેવાનું ઠરાવવામાં આવ્યું. વિવિધ સંસ્થાઓમાંથી અરજીઓ મંગાવવામાં આવી. આશરે ૪૦૦ અરજી વિવિધ વિનંતીઓ સાથે આવી. અરજી પ્રમાણે રકમ આપવા માટે લાખ રૂપિયા ઓછા પડશે એમ લાગ્યું. ઉદાર દિલના શેઠાણી માણેકબેને રકમ વધારી કુલ બે લાખ પંદરહજાર રૂપિયા દાનમાં વહેંચ્યાં.

શેઠ જમનાભાઈના મૃત્યુના બે વર્ષ બાદ શેઠાણી માણેકબેનની ઈચ્છાને માન આપીને ખૂબ મોટા પાયે એક ઉજમણુ (મહોત્સવ) તેમના બંગલે યોજવામાં આવ્યો. એમાં ઉજમણુ મંડપ ઉપરાંત વિવધ ટુંકો સહિત શત્રુંજય પર્વતની પ્રતિકૃતિ ખડી કરવામાં આવી. જૈન સમાજ દ્વારા એ વખતે શત્રુંજયની યાત્રા થોડા સમય પૂરતી બંધ કરવામાં આવી હતી તેથી હજારો લોકો રોજ રોજ આ પ્રતિકૃતિમાં દર્શન કરવા આવતા અને સાંજે આશરે ૮-૩૦ કલાકે દર્શન બંધ થયા

Scanned by CamScanner

પછી પણ હજારો જૈન અને જૈનેતરો મોડી રાત સુધી ધ્રાગંધ્રા રાજયના મસક બેન્ડની મધુર સુરાવલિઓ સાંભળતા રહેતા. ધાર્મિકવિધિઓ શાસનસમ્રાટ આચાર્ય મહારાજ નેમિસુરિશ્વરજી કરતા. આચાર્ય મહારજ નંદનસૂરિજી મહારજને ઉપાધ્યાય પદવી અને આચાર્ય પદવી પ્રદાનની વિધિ આ મહોત્સવ દરમિયાન વીસ હજાર રૂપિયાનો વધારાનો ખર્ચ કરી યોજવામાં આવ્યો હતો. અમદાવાદ ખોડા ઢોર પાંજરાપોળને ૫૦,૦૦૦ રૂપિયાનું દાન આપવામાં આવ્યું.

શેત્રુંજય પર્વતનું પ્રમાણ સારી શણગારકૃતિની દેખરેખ રાખવાની કામગીરી શેઠ કસ્તુરભાઈ મણીભાઈના સમર્થ હાથમાં મુકવામાં આવી હતી. ઈલેકટ્રીક લાઈટો અને તેને લગતી વ્યવસ્થા તેમના ચકોર ઈજનેર શ્રી બરજોરજીને સોંપી હતી. મહોત્સવમાં લગભગ બે થી અઢી લાખનો ખર્ચ થયો હોય એવું લાગે છે. પહેલાનાં વર્ષોમાં અમદાવાદમાં અનેક મહોત્સવ થતાં આવ્યા છે. છતાં આવી ઝાકમઝમાળ અને ભવ્યતાવાળો મહોત્સવ હજી કોઈએ ઉજવ્યો નથી.

દોઢેક વર્ષ બાદ (વિ. સં. ૧૮૮૪માં) માતરમાં 'સાચા દેવ'ના દેરાસરો ઉત્કૃષ્ટ મકરાણાના આરસ પહાણથી જીર્ણોદ્ધાર કરાવ્યો જેનો ખર્ચો પાંચ વર્ષથી ચાલતો હતો. કામ પુરુ થતાં પ્રતિષ્ઠા માટે તૈયારી કરી. પ્રતિષ્ઠા વિધિ શાસન સમ્રાટ વિજય નેમીસૂરીશ્વરજીના હસ્તે થયી. સાધર્મિક સહીતના આ મહોત્સવમાં જમણવારમાં આજુબાજુના શહેરો અને ગામડાઓમાંથી આવેલા હજારો ભાવિક શ્રાવક-શ્રાવિકાઓએ માણ્યો.

શેઠાણી માણેકબા દયાળું, ઉદાર અને શાણા છે. શેઠ જમનાભાઈના પગલે ચાલીને એમણે ઘણા દાન દીધા છે. એમનું રસોડું ખૂબ સ્વતંત્ર છે. મફત છે. એમની પાસેથી મદદ માટે આવતો કોઈપણ નીરાશ થઈને જતો નથી. તાજેતરમાં તેમને રાણકપુરમાં રૂપિયા ૫૦, ૦૦૦ના ખર્ચે એક સુંદર ધર્મશાળા બંધાવી છે.

શેઠ જમનાભાઈની ધાર્મિક પ્રવૃતી શેઠાણી માણેકબેનના બહોળા અને વધુ ઉદાર દાનની પ્રવૃતિઓ દ્વારા ઝગમગી ઉઠે છે.

Scanned by CamScanner

## દાનવીર નવરત્ન શ્રેષ્ઠી વર્ય સ્વ. જમનાભાઈ ભગુભાઈની જીવન ઝરમર

કરૂણાનાં અવતાર દીનદુઃખીયાનાં બેલી જૈન શાસનનાં મહાન ઘડવૈયાના ૭૫માં વર્ષનાં આત્મશ્રેયાર્થે તેમનાં કુટુબીજનો તરફથી સ્વ. જમનાભાઈ શેઠ અમર રહોની અંજલી અર્પણ કરીએ છીએ.

તેમનાં જીવનમાં જે શુભ કાર્ય કરેલા છે તે થોડાક અમારી જાણમાં છે. શંખેશ્વરમાં મુળનાયક ભગવાનની ડાબી બાજુની દેરીમાં અજીતનાથ ભગવાન બેસાડેલ તેમજ ધર્મશાળામાં રૂમ પણ બંધાવેલ આજે પણ પેઢી ઉપર શેઠ શ્રી જમનાભાઈ તથા શેઠાણી માણેકબેનનો ફોટો યાદગારી તરીકે છે. ૧૯૫૮માં રાધનપુર નાં સંઘે અમદાવાદના શેઠ જમનાભાઈને શંખેશ્વરની પેઢીનો વહીવટ સોંપ્યો તે વખતે જમનાભાઈ ભગુભાઈ, ભગુભાઈ પ્રેમચંદભાઈ, પ્રેમચંદભાઈ વિરચંદભાઈ, વિરચંદભાઈ સૌભાગ્યચંદની પેઢીનો વહીવટ શેઠ મનસુખભાઈ શેઠની પોળમાં સોંપાયો. જે વિરચંદ સૌભાગ્યચંદનાં નામથી ચાલુ હતો. ને પત્ર વ્યવહાર વિરચંદ સૌભાગ્યચંદના નામથી ચાલું છે. ● ભોયણીમાં વર્ષગાંઠનાં દિવસે નૌકારશી શેઠ શ્રી જમનાભાઈ તરફથી થતી હતી. ● રામજીમંદીરનીપોળ તથા હરિપુરાનો વહીવટ કરતાં હતાં. ● કલોલના દેરાસરમાં જીણોદ્ધાર માટે સારી એવી રકમ આપેલ હતી. ● કાવી તથા ભોયણીમાં ધર્મશાળામાં રૂમો બંધાવેલ. ● રાણેકપુરમાં ધર્મશાળા બંધાવેલ.

આ સીવાય તેમનો શાહીબાગનો બંગલો, દરેક ધાર્મિક કાર્યમાં જેવા કે ઉપધાન, દીક્ષા, ઉજમણું, ઓળી વીગેરેમાં આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ઉપધાન, ઉજમણું, દીક્ષા. અંજન શલાકા વીગેરે નાના મોટા અનેક ધાર્મિક કાર્યો બંગલામાં થયાં છે.

તા. ૨૨/૬/૨૦૦૦

**ઉસ્મીન બકુભાઈ, રસીકલાલ મનસુખલાલ**
**ધીરજલાલ મનસુખલાલ , રસીકભાઈ ફુલચંદભાઈ**

શેઠ જમનાભાઈ ભગુભાઈનાં સ્વર્ગવાસની ૭૫ વર્ષની (તારીખ પ્રમાણે) ઉજમણી નિમીત્તે રાખેલ આરતી પ્રસંગે વહેંચેલ કાગળનું લખાણ

Scanned by CamScanner